# પેટ્રોલમાં લીટરદીઠ ૧.૪૦નો વધારો

નવી દિલ્હી,તા. ૧

ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ આજે પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ રૂપિયા ૧.૪૦નો વધારો કરી દીધો હતો. આની સાથે જ સામાન્ય લોકો અને મધ્યમ વર્ગ પર વધુ એક બોજ આવી ગયો છે. પેટ્રોલની કિંમતમાં ભાવ વધારાને તાત્કાલિક ધોરણે અમલી બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ ભાવ વધારાને અમલી બનાવવામાં આવ્યા બાદ દિલ્હીમાં પેટ્રોલની કિંમત વધીને ૭૦.૭૬ રૂપિયા થઈ ગઈ છે જેમાં ૧૯ ટકા વેટનો સમાવેશ કરી લેવામાં આવ્યો છે. છેલ્લે ૧૬મી ફેબ્રુઆરીના દિવસે ફ્યુઅલની કિંમતોમાં સુધારો કરવામાં આવ્યો હતો. તે વખતે પેટ્રોલની કિંમતમાં ૧.૫૦ સુધીનો વધારો કરવામાં આવ્યો હતો જ્યારે ડિઝલની કિંમતમાં તે દિવસે ૪૫ પૈસાનો પ્રતિલિટર વધારો કરવામાં આવ્યો હતો. ૧૫ દિવસમાં બીજી વખત ફ્યુઅલની કિંમતમાં વધારો કરવામાં આવ્યો છે. સરકારી કંપનીઓને ફરીવાર પેટ્રોલની કિંમતમાં વધારો કરવાની ફરજ પડી છે કારણ કે આંતરરાષ્ટ્રીય ક્રૂડની કિંમતમાં સતત સુધારો થઈ રહ્યો છે. ક્રૂડના ભાવ રોકેટગતિએ વધી રહ્યા છે. આવી સ્થિતિમાં પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં વધારો કરવાની દિશામાં સરકારને ફરજ પડી રહી



છે. બજેટના એક દિવસ પહેલા જ રજુ કરવામાં આવેલા આર્થિક સર્વેમાં પેટ્રોલ, ડિઝલ અને એલપીજીની કિંમતમાં ભાવ વધારો કરવા સૂચન કરવામાં આવ્યુ હતુ ત્યારથી જ એવું લાગી રહ્યુ હતુ કે કોઈ પણ સમયે ભાવ વધારો કરી દેવામાં આવશે. આખરે આ ભાવ વધારો અમલી બનાવી દેવામાં આવ્યો છે. ભાવ વધારો કરવામાં આવ્યા બાદ અમદાવાદ શહેરમાં પેટ્રોલનો ભાવ લીટરદીઠ વધીને ૭૪.૩૦ થઈ ગયો છે. જેમાં વેટનો સમાવેશ કરવામાં આવે છે. જયારે જુનો ભાવ ૭૨.૫૩ રૂપિયા હતો. વડોદરા, સૂરત અને રાજકોટમાં પણ ભાવમાં ફેરફાર થયો છે. પેટ્રોલની કિંમતને લઈને હંમેશા સરકાર ખૂબજ સંવેદનશીલ રહી છે. પેટ્રોલની કિંમતને અંકુશમુક્ત કરી દેવામાં આવ્યા બાદથી પેટ્રોલિયમ કંપનીઓને ભાવ વધારો કરવાની તક મળી રહી છે. ૧૬મી ફેબ્રુઆરીના દિવસે ભાવ વધારો કરવામાં આવ્યા બાદ જણાવવામાં આવ્યુ હતુ કે તમામ પેટ્રોલિયમ પેદાશો પર નુકસાન થઈ રહ્યુ છે. દિલ્હીમાં વેટને અમલી બનાવી દીધા બાદ તેમાં સુધારો થયો છે. કિંમતમાં વધારો બે પરિબળોને લઈને જરૂરી બની ગયો હતો જેમાં આંતરરાષ્ટ્રીય ગેસોલીનની કિંમતોનો સમાવેશ થાય છે. તેની કિંમત છેલ્લે સુધારો કરવામાં આવ્યા બાદથી બેરલદીઠ ૧૨૮.૫૭થી લઈને ૧૩૧ અમેરિકી ડોલર સુધી પહોંચી હતી. આ ઉપરાંત રૂપિયામાં આ ગાળા દરમિયાન ઘટાડો થયો છે. આંતરરાષ્ટ્રીય ઓઈલ કિંમતો અને રૂપિયા-ડોલર એક્સચેન્જ રેટમાં પ્રવાહ બદલાઈ રહ્યો છે જેની અસર જોવા મળી રહી છે. દેશની સૌથી મોટી ઓઈલ રિટેલર કંપની આઈઓસી દ્વારા એક નિવેદનમાં આ મુજબની વાત કરવામાં આવી છે. પેટ્રોલના વેચાણ પર નુકસાન ઉપરાંત ઓઈલ કંપનીઓને ડિઝલના વેચાણ પર હાલ લીટરદીઠ ૧૧.૨૬નું નુકસાન થઈ રહ્યુ છે. કેરોસીન પર ૩૩.૪૩ રૂપિયાનું નુકસાન થઈ રહ્યુ છે. જ્યારે એલપીજીની કિમતમાં સિલિન્ડર દીઠ ૪૩૯ રૂપિયાનું નુકસાન થઈ રહ્યુ છે. ડિઝલ પર નુકસાન ૧૬મી ફેબ્રુઆરીના દિવસો ૧૦.૭૨ રૂપિયા હતુ. તે વખતે ડિઝલની કિંમત વેટ સિવાય ૪૫ પૈસા વધારવામાં આવી હતી. આઈઓસીનું કહેવું છે કે આનાથી ઓઈલ કંપનીઓને આંશિકરીકે રિકવરી થશે. આઈઓસી અને અન્ય બે કંપનીઓના બનેલા ઈન્ડસ્ટ્રીઝને વર્તમાન નાણાંકીય વર્ષ દરમિયાન અંડર રિકવરીનો આંકડો ૧૬૩૫૦૦ કરોડ સુધી પહોચવાની સંભાવના છે.

## હૈદરાબાદ બ્લાસ્ટ કેસ : કોઈ નોંધપાત્ર સફળતા મળી નથી

હૈદરાબાદ,તા. ૧

હૈદરાબાદમાં ટ્વીન બ્લાસ્ટ થયાને ઘણા દિવસો થયા હોવા છતાં પોલીસ અને અન્ય સુરક્ષા જવાનોને કોઇ મોટી સફળતા મળી નથી. અલબત્ત પોલીસ અનેક કડીઓ મળી હોવાનો દાવો કરી રહી છે પરંતુ હજુ સુધી કોઇ સફળતા હાથ લાગી નથી. પોલીસ દ્વારા આ બ્લાસ્ટ મામલે પોત પોતાની રીતે જુદા જુદા એંગલથી તપાસ ચાલી રહી છે. શકમંદ લોકોની પુછપરછ પણ કરવામાં આવી રહી છે. હૈદરાબાદમાં થયેલા બ્લાસ્ટમાં કુલ ૧૬ લોકોના મોત થયા હતા અને ૧૦૦થી વધારે લોકો ઘાયલ થયા હતા. ટ્વીન બ્લાસ્ટના સંબંધમાં હજુ સુધી કોઇની ધરપકડ કરવામાં આવી નથી. અલબત્ત પોલીસે વર્ષ ૨૦૦૭માં મક્કા મસ્જિદ બ્લાસ્ટના સંબંધમાં નિર્દોષ છુટી ગયેલા કેટલાક શખ્સો સહિત અન્યોની પુછપરછ કરી છે પરંતુ હજુ કોઇ નક્કર કડીઓ હાથ લાગી નથી. બ્લાસ્ટના કેસમાં અનેક સંસ્થાઓ તપાસ કરી રહી હોવા છતાં બ્લાસ્ટ પાછળ કોની સંડોવણી ચે તે બાબત પોલીસ સાબિત કરી શકી નતી.

૨૧મી ફેબ્રુઆરીના દિવસે ભરચક દિલસુખનગર વિસ્તારમાં બ્લાસ્ટ થયો હતો. જેમાં ૧૬ના મોત થયા હતા અને ૧૦૦થી વધારે લોકો ઘાયલ થયા હતા. હુમલાને રોકવામાં નિષ્ફળતા મળ્યા બાદ આંધ્રપ્રદેશ પોલીસ હવે તપાસ નેશનલ ઇન્વેસ્ટીગેશન એજન્સીને સોંપે તેવી શક્યતા છે. દિલ્હી કોર્ટે ગઇકાલે ઇન્ડિયન મુઝાહીદ્દીનના બે કુખ્યાત શકમંદોને તિહાર જેલમાં મોકલી દીધા હતા.

એનઆઇએ પાંચ દિવસથી બે શખ્સોની પુછપરછ કરી રહી છે. આ બન્ને શખ્સોની વર્ષ ૨૦૧૨માં ધરપકડ કરી લેવામાં આવી હતી. એનઆઇએ દ્વારા કેટલાક રાજ્યોમાં તપાસને લંબાવી દેવામાં આવી છે. જુદી જુદી સંસ્થાઓ દ્વારા ચાલી રહેલી તપાસના ભાગરૂપે આગામી દિવસોમાં પોલીસને સફળતા મળી શકે છે. જો કે આ મામલે કેન્દ્ર સરકારની પ્રતિષ્ઠાને પણ ફટકો પડ્યો છે. કારણ કે બ્લાસ્ટના મામલે કોઇ ઇન્ટેલિજન્સ માહિતી પહેલા મળી ન હતી.હવે નવા ખુલાસા થઇ રહ્યા છે.

### શબ્દ સેતુ (પાના નં. ૪ નું ચાલુ)

**શું દુઃખ દીધું કાના?**
એવું તે શું દુઃખ દીધું?
વારે વારે જોઉં તોયે સામું નવ દીઠ્યું... એવું...
ના કોઈ આપ કે ના કોઈ કવેણ...
પુંઠે જોઇ થાકી કાયા, તરસ્યાં મારાં નેણ... એવું તે
જમના જળ ભરવા જાતી, બેડલું ચડાવા રાહ જોતી...
હૈયું મારૂં ધડકી રૈ તુ, મોહન મુખ જોવા મીઠું....
- એવું તે શું દુઃખ દીધું કાના...
ઘર છોડું, વાછરૂં છોડું, બાળ નાનેરૂં રોતું છોડું...
લઢું લઢું તોય દોડી આવે, હવે કેમ તરછોડું...
- એવું તે શું દુઃખ દીધું કાના...
ગાયને ગોંદરે ભાળી મને, દોડી આવે એકે દોટ..
મોહન માળા, વ્હાલ કરી, પેરાવી દે મારી કોટે...
- એવું તે શું દુઃખ દીધું કાના...
મારગ વચ્ચે એકલી ભાળી, પાલવડે વિંટલાઇ જાવે...
મીઠડો મોહન મહીંડાં માંગી, રાંક થઇ ભાગી જાવે...
- એવું તે શું દુઃખ દીધું કાના...
જયાં જોઉં ત્યાં જીવણને જોતી, કયાંથી લાવું ગોતી?
'રમણ'ના સ્વામી બહુનામી, એ તો રાધા સંગ જોતી...
- એવું તે શું દુઃખ દીધું કાના...

**- રમણલાલ એમ. શ્રીમાળી**

**બુરખો...**
પેલી મુસ્લીમ સુંદરીઓને
બુરખામાં જોઇ થયું આશ્ચર્ય!
પછી તો ધ્યાને આવ્યું...
અહીં દરેક જણ ફરે છે,
પોતપોતાનો બુરખો પહેરી...
મજાથી ફરે ને માણે નિરાંત...!!
બુરખો ઢાંક્યા ચહેરાની !!
કોઈ પહેરે પ્રામાણિકતાનો બુરખો,
કોઈ સત્યવાદીનો, સેવાનો,
કરૂણાનો, સાધુ-સંતનો,
ભક્તિનો, પ્રેમનો...
મિત્રતાનો... લાગણીનો...
દંભના બુરખાની ડિમાંડ તો
બારે માસ !!
સૌએ પોતાનો મનગમતો
સગવડ પ્રમાણે પહેલી લેવો...
કેટલું સારૂં !! કેટલું સરળ !!
આપણ અસ્સલ ચહેરાને
છુપાવવાની માયા અપરંપાર !
જેવા દેખાવું હોય
તેવા બુરખાઓ છે તૈયાર...
કયારેક ભુલાઈ જવાય...
આપણાંથી જ કે
પોતે બુરખો છે કે
છે કોઈ અસલ ચહેરો ???

**- સંજય થોરાત**

## ગૃહપ્રધાને ત્રણ ભોગ બનેલી યુવતીના નામ ભૂલથી લઈ લેતા ભારે ઉત્તેજના

નવી દિલ્હી,તા. ૧

સનસનાટીપૂર્ણ ભંડારા બળાત્કાર કેસના મામલે સંસદમાં નિવેદન કરતી વેળા ગૃહપ્રધાન સુશીલ કુમાર શિંદેએ ત્રણ ભોગ બનેલી યુવતીના નામ ભૂલથી લઈ લીધા હતા જેથી ભારે ઉત્તેજના ફેલાઈ ગઈ હતી. આજે રાજ્યસભામાં મહારાષ્ટ્રના ભંડારા જિલ્લામાં બળાત્કારનો શિકાર થયા બાદ ત્રણ યુવતીઓની હત્યાના મામલે રાજકીય ગરમી રહી હતી. યુવતીઓના નામ જાહેર કરી દેવામાં આવતા સુશીલકુમાર શિંદે વિવાદના ઘેરનામાં આવી ગયા હતા અને વિરોધપક્ષે વાંધો ઉઠાવ્યો હતો જો કે ત્યારબાદ આને સંસદની કામગીરીથી બહાર કરી દેવામાં આવતા વિવાદનો અંત આવ્યો હતો. મહારાષ્ટ્રમાં ત્રણ કિશોરી બહેનોનું અપહરણ કરી



લેવામાં આવ્યા બાદ તેમના પર બળાત્કાર ગુજારી તેમની હત્યા કરી દેવામાં આવી હતી. શિંદેએ તેમના વાસ્તવિક નામ જાહેર કરી દીધા હતા પરંતુ કાયદામાં આના પર પ્રતિબંધ છે. ત્રણેય બહેનોના મૃતદેહ એક કૂવામાંથી મળી આવ્યા હતા. આ મામલો ઉઠાવતા રાજ્યસભામાં વિપક્ષના નેતા અરૂણ જેટલીએ કહ્યુ હતુ કે કાયદા મુજબ બળાત્કારનો શિકાર થયેલી યુવતીઓની ઓળખ ક્યારે પણ જાહેર કરવી જોઈએ નહીં પરંતુ ગૃહપ્રધાને તમામ ત્રણેય યુવતીઓની ઓળખ જાહેર કરી હતી. સમગ્ર સંસદમાં આ મામલે ચર્ચા થઈ રહી છે. ગૃહ પ્રધાને વાસ્તવિકતા સમજવી જોઈએ અને નિવેદનમાં સુધારો કરીને તેને ફરી રજુ કરવો જોઈએ. જો કે રાજ્યસભાના નાયબ અધ્યક્ષ પીજે કુરિયને બળાત્કારનો શિકાર થયેલી યુવતીઓના નામને સંસદની કામગીરીથી બહાર કરાવી દીધા હતા અને કહ્યુ હતુકે આ ખૂબજ મહત્વપૂર્ણ મુદ્દો છે. મીડિયાએ પોતાના કોઈ પણ રિપોર્ટમાં આ નામનો ઉલ્લેખ કરવો જોઈએ નહીં. તાજેતરમાં જ સુશીલકુમાર શિંદે અનેક વિવાદાસ્પદ નિવેદન અગાઉ પણ કરી ચુક્યા છે જેથી પહેલા પણ તેમની ટિકા થઈ હતી. હવે ફરી વાર તેમની ટિકા શરૂ થઈ ગઈ છે. અગાઉ ભગવા આતંકવાદને લઈને શિંદેને માફી માંગવી પડી હતી.

## અંદાજપત્રમાં વધુ મહત્વ મળતાં નીતિશકુમાર ખુશ

નવીદિલ્હી,તા. ૧

બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે નાણામંત્રી પી.ચિદમ્બરમના વખાણ કર્યા છે અને તેમણે જણાવ્યું હતું કે, નાણામંત્રીએ તેમની માંગણીઓ પર હકારાત્મક વલણ અપનાવ્યું છે જેથી તેઓ કેન્દ્રીય નાણામંત્રી ચિદમ્બરમનો આભાર વ્યક્ત કરે છે.

સંસદમાં રજુ કરવામાં આવેલ કેન્દ્રીય બજેટ પર પ્રતિક્રિયા આપતા બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે વાતચીતમાં કહ્યું હતું કે, બિહારના વિશેષ રાજ્યના દરજ્જા માટે જૂના માપદંડોને બદલવાની તેઓ લાંબા સમયથી માંગણી કરી રહ્યા છે. નાણામંત્રીએ બજેટ ભાષણમાં વિશેષ રાજ્યના દરજ્જા માટે વર્તમાન માપદંડોમાં પરિવર્તન કરવાની વાત કહી છે અને સૈદ્ધાંતિકરૂપે સ્વીકાર્યું છે કે, બિહારના વિશેષ રાજ્યના માપદંડોમાં પરિવર્તનની જરૂર છે. નાણામંત્રી દ્વારા કહેવાયેલ આ વાત બિહારના લોકો માટે સૈદ્ધાંતિક જીત સમાન છે અને આ બાબત માટે ચિદમ્બરમ અભિનંદનને પાત્ર છે. મને આશા છે કે, આ સૈદ્ધાંતિક જાહેરાતને અમલમાં મૂકવામાં આવશે. નીતિશકુમારે આશા વ્યક્ત કરી હતી કે, બિહાર માટેના વિશેષ રાજ્યના દરજ્જાની માંગ રોમાંચક તબક્કામાં પહોંચી ચુકી છે. હવે જેડીયુ દ્વારા આગામી ૧૭ માર્ચે દિલ્હીમાં યોજાનાર રેલીનું મહત્વ વધી ગયું છે. તેમણે એમપણ જણાવ્યું હતું કે, સંકેતો મળી રહ્યા છે કે, કેન્દ્રીય નાણાપંચ અને આયોજનપંચ તરફથી પણ પછાત રાજ્ય હોવાના આધારે વધુ માત્રામાં કેન્દ્રીય ભંડોળ બિહારને ઉપલબ્ધ બનશે. આ સમગ્ર ઘટનાક્રમ પર રાજનીતિક વાતાવરણમાં ચર્ચાઓ શરૂ થઈ છે કે ચિદમ્બરમ દ્વારા અપાયેલ બિહારને મહત્વ અને નીતિશ દ્વારા કરવામાં આવેલા વખાણને કારણે આગામી સામાન્ય ચૂંટણીમાં અને ત્યારબાદ રાજનીતિક સમીકરણો બદલાઈ શકે છે.

## દિલ્હીમાં બસમાં ૨૫ ટકા બેઠકો મહિલા માટે અનામત

નવીદિલ્હી,તા.૧

રાજધાની દિલ્હીમાં ડીટીસી બસમાં હવે એક ચતુર્થાસ બેઠક મહિલા માટે અનામત કરી દેવામાં આવી છે. આ વ્યવસ્થા શુક્રવારથી લાગુ થઈ ગઈ છે. તેનો હેતુ દીલ્હીમાં મહિલાઓ માટે સલામત અને આરામદાયક મુસાફરી સુનિશ્ચિત કરવાનો છે.

દિલ્હીના પરિવાહન મંત્રી રમાકાંત ગોસ્વામીએ જણાવ્યું હતું કે આ નિર્ણય કલસ્ટરબસ સહિત ડીટીસીની તમામ બસને લાગુ પડશે. ડીટીસીએ પોતાની બસોમાં ૨૫ ટકા બેઠકો પર માત્ર ''મહિલાઓ માટે''નું સ્ટીર ચોંટાડવાની શરૂઆત કરી દીધી છે.

તેમણે જણાવ્યું હતું કે દિલ્હી સરકાર મહિલાઓની સુરક્ષા જ નહીં તેમની સુવિધા અંગે પણ ઘણી સજાગ છે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાય સમયથી સતત એવી ફરીયાદ મળી રહી હતી કે દિલ્હીમાં મહીલાઓને પ્રવાસ દરમિયાન ઘણું અપમાન સહન કરવુંપડે છે. દિલ્હીમાં બનેલી ગેંગરેપની ઘટના બાદ ઘણાં આક્રોશભર્યા સ્વરે ફરિયાદ થઈ રહી હતી. સ્વયં મુખ્યમંત્રી શીલા દિક્ષિત પણ એક કરતા વધુ પ્રસંગે એ બાબતનો સ્વીકાર કરી ચૂકયા હતા કે દિલ્હીમાં મહિલાઓ પોતાની જાતને સલામાત અનુભવતી નથી. આ પરિસ્થિતિમાં આ જાહેરાત દ્વારા સરકારે એ સંદેશ આપવાનો પ્રયત્ન કર્યો છે કે તે મહિલાઓની સુરક્ષા તેમજ ગરિમાનો સંપુર્ણ ખ્યાલ રાખે છે.

## ભારત-ઓસ્ટ્રેલિયાની વચ્ચે આજથી હૈદરાબાદમાં ટેસ્ટ

હૈદરાબાદ,તા. ૧

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે આવતીકાલથી હૈદરાબાદમાં બીજી ટેસ્ટ મેચ શરૂ થઈ રહી છે. આ ટેસ્ટમાં પણ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીના નેતૃત્વમાં ભારતીય ટીમ જીત મેળવવા માટે ઉત્સુક દેખાઈ રહી છે. ચેન્નાઈમાં રમાયેલી ટેસ્ટમાં શાનદાર જીત મેળવ્યા બાદ ભારતીય ટીમ જીતના સિલસિલાને આગળ વધારવા માટે તૈયાર છે. હૈદરાબાદમાં જોરદાર ક્રિકેટ ફિવરની સ્થિતી છે. કારણ કે પ્રથમ ટેસ્ટમાં શાનદાર જીત થઈ હતી. ભારતના બેટ્સમોને ફોર્મમાં દેખાઈ રહ્યા છે. જેથી ઓસ્ટ્રેલિયાના મેનેજમેન્ટ માટે ચિંતાજનક બાબત છે. તેના ટોપ ઓર્ડરના બેટ્સમેનો પ્રથમ ટેસ્ટમાં નિષ્ફળ રહ્યા હતા. એકમાત્ર કેપ્ટન માઈકલ ક્લાર્ક



ફોર્મમાં દેખાઈ રહ્યો છે. બોલિંગમાં પેટિન્સન તમામને પ્રભાવિત કરવામાં સફળ રહ્યો છે. વોર્નર, હ્યુજ અને અન્ય બેટ્સમેનોને લાંબી ઈનિગ્સ રમવી પડશે. બીજી બાજુ ભારતીય ખેલાડીઓ ફોર્મમાં છે. માસ્ટર બ્લાસ્ટર સચિન તેન્ડુલકર પણ ફોર્મ મેળવી ચુક્યો છે. કોહલી પણ ફોર્મમાં છે. બોલિંગમાં જાડેજા અને અશ્વિન છવાયેલા છે. તે જોતા પ્રવાસી ટીમના બેટ્સમેનો માટે અનેક પડકારો રહેશે. સ્પીન આક્રમણ તેમને હેરાન કરી શકી છે. બન્ને ટીમોના નજીવા ફેરફાર કરવામાં આવી શકે છે.જાણકાર લોકોનુ કહેવુ છે કેહરભજનસિંહની જગ્યાએ પ્રજ્ઞાન ઓઝાને લઈને બોલિંગ તાકાતને વધારી શકાય છે. ચેન્નાઈ ખાતે રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતે ઓસ્ટ્રેલિયા સામે હજુ સુધીની સૌથી મોટી જીત મેળવી હતી. હરભજનસિંહે ૧૦૦ ટેસ્ટ મેચ રમવાની સિદ્ધિ મેળવી લીધી હતી. ભારતીય બોલરોએ પ્રથમ ટેસ્ટ મેચમાં ૨૦ વિકેટો લીધી હતી જે પૈકી ૧૭ વિકેટો અશ્વીન અને જાડેજાએ મળીને લીધી હતી. ભજ્જીને માત્ર ત્રણ વિકેટ જ મળી હતી. જે પૈકીની બે વિકેટ બીજી ઈનિંગ્સમાં મળી હતી. ચેન્નાઈ ટેસ્ટ મેચમાં મુખ્ય રીતે સ્પીનરોનું વર્ચસ્વ રહ્યું હતું. ઈંગ્લેન્ડ સામે શાનદાર દેખાવ કર્યા બાદ ઓઝાને ઓસ્ટ્રેલિયા સામે તક આપવા ધોની વિચારી રહ્યો છે. ટેસ્ટ મેચનું સવારે ૯.૩૦ વાગ્યાથી જીવંત પ્રસારણ કરવામાં આવશે. શેન વોટસન પર તમામની નજર રહેશે. ઓસ્ટ્રેલિયન ઈલેવનની જાહેરાત કરવામાં આવી નથી. રાજીવ ગાંધી સ્ટેડિયમ પર છેલ્લે ભારતે ન્યૂઝિલેન્ડ સામે મેચ રમી હતી. આ મેચમાં ભારતે શાનદાર જીત મેળવી હતી. અશ્વિને ૮૫ રન આપી ૧૨ વિકેટ ઝડપી હતી. આ વખતે પણ ભારતને લીડ મેળવી લેવાની તક રહેલી છે. મુરલી વિજય અને વિરેન્દ્ર સહેવાગ ચેન્નાઈમાં ફ્લોપ રહ્યા હતા છતાં ધોની અને ટીમ મેનેજમેન્ટ ફેર વિચારણા ઓપનિંગ જોડી માટે તૈયાર નથી. વધુ એક તક આ બંનેને આપવામાં આવશે. સૌરાષ્ટ્રમાં ઓલ રાઉન્ટર રવિન્દ્ર જાડેજા મુખ્ય આકર્ષણ બની શકે છે. ચાર સ્પીનર સાથે રમવાની બાબત ખતરનાક બની શકે છે. બંને ટીમો નીચે મુજબ છે.

ભારત : ધોની(કેપ્ટન), વિરેન્દ્ર સહેવાગ, મુરલી વિજય, શિખર ધવન, ચેતેશ્વર પુજારા, સચિન તેન્ડુલકર, વિરાટ કોહલી, રહાણે, રવિન્દર જાડેજા, રવિચંદ્ર અશ્વિન, હરભજનસિંહ, પ્રજ્ઞાન ઓઝા, ઈશાંત શર્મા, અશોક ડિંડા, ભુવનેશ્વરકુમાર.

ઓસ્ટ્રેલિયા : માઈકલ ક્લાર્ક(કેપ્ટન), કોવાન, ડેવિડ વોર્નર, ફીલ યુઝ, શેન વોટસન, મેથ્યુ વાડે, ગ્લેન મેકસવેલ, મિશેલ જોનસન, પીટર સિડલ, મિશેલ સ્ટાર્ક, નાથન લિયોન, હેનરિક્સ, જેમ્સ પેટિનસન, દોહેર્ટી, જેકસન બર્ડ, ઉસ્માન ખ્વાજા, સ્ટીવ સ્મિથ.

### વાદળ બનીને આંખમાં ઘેરાતી યાદોનો ઓછાયો

(પાના નં. ૪ નું ચાલુ)

**આવનારી પરિસ્થિતિથી મ્હો છુપાવીને રહેવું કદાચ એનું નામ તો વિસ્મૃતિ નથી ને? આ તો દિલને ચાહતનું વરદાન આપવાની વાત છે. વાત વાસ્તવિકતાનો સામનો કરવાની. ચાતક બનીને આંખોમાં શ્રાવણનો ઇંતઝાર અને એને આવકાર એ જ તો પ્રણયની અનેરી વિભાવના છે.**

**પ્રણયની વાત ન્યારી હોય છે. એમાં વિશ્વાસની સોડમ ઉમેરવાની હોયછે. પતંગાની જેમ ફના થવાની ખેવના લાવવી ન પડે, આપોઆપ આવી જતી હોય છે. પ્રણય પર આભની જેમ બરાબર તવે - તાવે એની જ મજા છે. 'જો સૂરજ ગરમી કરે તો વરસ્યાની આશ.' વિજોગ હશે તો મિલનનું મહત્ત્વ સમજાશે. આંખો આપમેળે વાત કરી લે ત્યારે શબ્દો ઓગળી જાય છે યા તો થીજી જાય છે. હરિયાળીનાં સ્પંદનો હૃદયમાં ઊર્મિનાં સંવેદનો પણ જગાવતાં હોય છે.**

**સ્ટોપર :**

**ફાગણના તાપ વિના નીતરતા શ્રાવણ - ભાદરવાનું માહાત્મય કદી સમજાતું નથી.**

## સાયબર ઠગો પર નિયંત્રણ મૂકવાની તૈયારી કરતું કેન્દ્ર

નવીદિલ્હી,તા. ૧

મોબાઈલ પર એસએમએસ અથવા ઈન્ટરનેટ દ્વારા લોકોની સાથે લાખો ડોલરના ઈનામો અથવા લૉટરી મળી હોવાની ઠગાઈ કરીને ચુનો લગાવનારાઓ ઉપર સરકાર લગામ કસવાની તૈયારી કરી રહી છે.

લોકસભામાં બુધવારે સૂચના અને ટેકનોલોજી મંત્રી કપિલ સિબ્બલે જણાવ્યું હતું કે, ઈન્ટરનેટ દ્વારા ઠગાઈ કરનાર લોકો પર કાયદાકીય કાર્યવાહી કરવા માટે કેન્દ્ર સરકાર નવી સાયબર સુરક્ષા નીતિને અંતિમરૂપ આપવાની તૈયારીઓ કરી રહી છે. કેન્દ્રીય મંત્રી સિબ્બલે જણાવ્યું છે કે, ઈન્ટરનેટ અથવા એસએમએસ દ્વારા પુરસ્કાર આપવાની લાલચ આપનારાઓ પોતાની ગતિવિધિઓનું સંચાલન વિદેશમાંથી કરતા હોય છે. આ કારણને પગલે સરકાર આવી ગતિવિધિઓ ઉપર ઉચિત કાર્યવાહી કરી શકતી નથી. આવી ઠગાઈની ઘટનાઓમાં મોટાભાગના લોકો શિકાર બન્યાં બાદ ફરિયાદ કરતા હોય છે ત્યાં સુધી ખૂબ મોડું થઈ ગયું હોય છે જેથી ઠગો કાયદાકીય પકડથી બહાર રહેતા હોય છે. મોડુ થવાના કારણે પોલીસ પણ કોઈ કારગત ઉપાયો કરી શકતી નથી માટે જ કેન્દ્ર સરકાર હવે આ પ્રકારના મામલાઓને અટકાવવા માટે નવો કાયદો બનાવવા જઈ રહી છે.

### સમાચાર ઝલક

- **સોહાઅલી ખાન રહેશે બોયફ્રેન્ડ કુણાલ સાથે રહેશે લીવઇનમાં.**
- **રેશમ, જરી, પાવરલૂમ, કન્સ્ટ્રકશન, કપાસ, ઉદ્યોગને બજેટમાં રાહત અપાશે.**
- **હળવી વ્યાજદરની વ્યવસ્થા માટે વ્યાજ ઘટાડવા બેંકોની વિચારણા શરૂ.**
- **રાજયમાં ૩૮૧૨૭૫ ગુજરાત સરકારના પેન્શનરો છે.**
- **નામદાર પોપે રોમન કેથોલિક ધાર્મિકવાડાનું પદ છોડી દીધું.**
- **યુરોપ બાદ હવે બ્રિટન પણ ગુજરાતમાં ઉદ્યોગ ધંધા સ્થાપવાની હિલચાલ.**
- **ચાનો ભાવ કિલોએ રૂા. ૧૫ ઊંચા ખૂલવાની ધારણા.**
- **વિજ્ઞાન સંશોધનક્ષેત્રમાં ગુજરાતી વિદ્યાર્થીઓને રસ જ નથી.**
- **આગામી વર્ષે ચીનનો વિકાસદર ભારતથી વધુ હશે.**
- **વિશ્વની સૌથી વૃધ્ધ મહિલા જાપાનમાં મિસાઓ ઓકાવા ૧૧૫ વર્ષનાં છે.**
- **અમરેલી નજીક ગાંધીનગરના નિવૃત્ત અધિકારી બાબુભાઇ જાદવના ખૂન અંગેની તપાસ વેગીલી બની.**
- **ફિલ્મ સંવાદ લેખક રૂદ્રપ્રતાપસિંહ રાણાને હૃદયરોગનો હુમલો, યોગાનુયોગ 'હા હું દિકરીનો બાપ' ફિલ્મ રિલીઝના દિવસે જ હૃદયરોગનો હુમલો.**
- **૮મી માર્ચથી પાકિસ્તાન-અફઘાન સરહદ સીલ કરવામાં આવશે.**
- **બાંગલાદેશમાં હિંસક અથડામણ દેખાવોમાં ૪૨નાં મોત.**
- **ઉત્તરપ્રદેશમાં નાવ ઊંધી પડતાં ૧૮ વ્યક્તિઓ લાપતા.**
- **કોર્ટ પરિસરમાં બી.એમ.ડબલ્યુ અકસ્માત કરનાર વિસ્મય શાહ પર હૂમલો.**
- **વડોદરામાં લગ્નના બે દિવસમાં પત્નીએ સત્તર લાખની ઘરમાં ઉઠાંતરી કરી.**
- **શિવસેનાના બાળાસાહેબના સ્મારક માટે ૧ કરોડની જોગવાઇ કરાઇ.**
- **છત્રાલ પાસે પથ્થર મારી ડ્રાઇવરની હત્યા કરાઇ.**